# મોઅજિઝએ સૈયેદુલ કૌનૈન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)

આપ (સ.અ.વ.વ.) ના બે મોઅજિઝા જહાનમાં આશ્કાર છે. એક કુરઆને કરીમ અને બીજો ઝુલ્ફિકાર. એક કિતાબ છે અને બીજી તેગ છે. કિતાબમાં ઈલ્મની નહેર છે; અને તેગમાં જેહાદના જૌહર છે. આપ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, મારી નુબૂવ્વત અને રિસાલતનો ઈકરાર દુનિયાની હર ઝિંદા અને મુર્દા ચીઝોએ કીધેલો છે. પછી તે સૂરજ, ચાંદ, તારા, દરખ્ત, પત્થર અને કંકર કેમ ન હોય ! ઝિંદા ચીઝો આપની નુબૂવતની શાહિદી આપે તે અક્લે ઈન્સાન કુબૂલ કરે છે પણ કાએનાતની બેજાન ચીઝો આપની રિસાલતનો ઈકરાર કરે એમાં ઝરૂર રાઝ પિન્હાઁ છે. ઈશારો એ તરફ છે કે, આપ છહ્રા નબી નાતિક છે અને હર ચીઝના ઝિંદા હોય યા મુર્દા ૬ જેહત-પાસા હોય છે; આગલ-પાછલ-ઉપર-નીચે-જમણે-ડાબે **તેથી આ તમામ અશ્યા આપને છહ્રા નાતિક હોવાનું કુબૂલે છે અને આપની અઝમતના કસીદા પઢે છે.** જ્યારે જાનદાર અને બેજાન ચીઝો અલ્લાહની તસ્બીહ કરતી હોય તો અલ્લાહના રસૂલ કે જેનો લકબ હબીબે ખુદા છે, તેની નુબૂવતના ઈકરારમાં શાહિદી કેમ ન આપે ? આપ (સ.અ.વ.વ.) હકીકતન એજાઝનુમા છો, આપની ઝિંદગી મોઅજિઝનુમા છે અને આપની ઝિંદગીની હરપલ હર સાંસ હિકમતે અમલીથી ભરપૂર છે.

શદ્દાદ બિન ઔસ રિવાયત કરે છે કે, એક દિન હમેં સરવરે આલમની ખિદમતમાં હાઝિર થયા કે એક ઝઈફ મર્દ બની આમિરના કબીલાનો બુઝુર્ગ અને અમીર લાકડીના સહારાથી સરવરે વાલાની ખિદમતમાં હાઝિર થયો. આદાબો બંદગી અરઝ કીધી. બેસા નહીં, ઉભા રહ્યા અને ગુઝારિશ કીધી કે, “અય અબ્દુલ મુત્તલિબના ફરઝંદ ! હમને એમ સાંભલવામાં આવું છે કે, આગલા અંબિયાની તરહ આપ કહો છે કે, “મેં અલ્લાહ પાકનો રસૂલ છું. ઊલુલ અઝમ રસૂલો જે થયા તેની જેમ પરવરદિગારે પાક સાથે મારો તઅલ્લુક છે.” તો ભલા આપના આ કૌલની હકીકત અને આપની શાનની સચ્ચાઈથી હમને આગાહ કરો. ગુમરાહને આપના કૌલ પર દલીલના ઝરીએ નેક રાહ દેખાડો.

આ સાંભલીને સરવરે કાએનાત (સ.અ.વ.વ.) શાદ થયા. આપના લબ મુબારકથી મોતીઓના મુજબ બયાને બલીગ ઈરશાદ થયા. તે બુઝુર્ગને બેસવાની ઈજાઝત મીલી. તે અદબથી બેસા. રગબતથી સાંભલવા વાસ્તે તૈયાર થયા. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, “અય આમિરી ! હમારા કૌલની હકીકત અને હમારી શાનની બાબતનો અગર સવાલ છે, તો મેં મારા વાલિદે બુઝુર્ગવાર મૌલાના ઈબ્રાહીમ (અ.સ.) ની દોઆ અને બિરાદરે અઝીઝુલ કદર મૌલાના ઈસા (અ.સ.) ની બશારત છું. મારા વાલેદા માજેદા આમેના (અ.સ.) નો પહેલો ફરઝંદ અને જે નૂરને મારા હમલના દિવસોમાં વાલેદાએ જોયું, તે નૂરની મેં ઈબારત છું. મારા વાલેદા અને વાલિદની, અય આમિરી, આ મોહંમદ હકીકી દૌલત છે. વાલેદૈનના ગુઝરવાના બાદ કબીલએ બની અસદ બિન બકરમાં હમારી પરવરિશ થઈ છે.

એક દિન હમેં હમઉમ્ર બચ્ચાઓ બની અસદના ગામના મૈદાનમાં સાથે રમતા હતા, એવામાં ત્રણ શખ્સ આવા, સાથે બરફથી ભરેલી એક સોનાની થેલી લાવા અને સઘલાં બચ્ચાઓને મુકીને મને એકલાને તેઓએ પકડી લીધો. બચ્ચાઓ આ જોઈને નાસી ગયા, અને મૈદાનના કિનારે ઊભા રહીને જંગલ તરફ જોઈને પુકારા કે, **“ અય લોગો, આ હમારા સાથીદારને કેમ કત્લ કરો છો ? એ યતીમ છે અને કત્લથી તમને શું હાસિલ થાશે ? રૂકી જાઓ, કે આમ કોઇ માસૂમને કત્લ કરવું ગુનાહે અઝીમ છે. ”**

બચ્ચાઓએ જોયું કે તેઓ કોઈ જવાબ નથી દેતા તો ગામના લોગોને બોલાવવા વાસ્તે દોડા. તેઓએ મને ખુદા તઆલા ઉપર યકીન અપાવું પછી એક શખ્સે મને ઝમીન પર ધીરેથી સુવાડો અને મારા સીનાને ડૂંટી તક ચીરી નાંખુ. મેં જોઉં છું કે, મને બિલકુલ દર્દ નથી. તે બાદ પેટમાંથી આંતરડાને નીકાલા અને બરફથી ખૂબ સાફ કીધા, તે બાદ દિલને નીકાલીને ચીરું અને એના અંદરથી એક કાલા ગોશ્તના ટુકડાને નીકાલીને ફેંકી દીધો. મારા દિલ પર નૂરાની મોહર કીધી દિલ રૌશનીથી ભરાઈ ગયું. **એ નૂર નુબૂવત અને હિકમતનું નૂર હતું અને દિલને પાછું તેની જગા પર મૂકી દીધું** . તે બાદ ત્રીજા સાહેબે પોતાના હાથને મારા સીના અને પેટ પર ફિરાવો, જેનાથી એ ઝખ્મ ભરાઈ ગયો અને સીનો તેની અસ્લી સૂરતમાં થઈ ગયો પછી ધીમેથી મને ઝમીનથી ઉઠાવો.

તે બાદ મને મારી ઉમ્મતના દસ આદમીથી તોલા, તે બાદ એક સો આદમીથી, પછી એક હઝારથી તોલા, મગર મારૂં પલ્લું ભારી થયું. મારા વાસ્તે બુલંદીનો સૂરજ રૌશન થયો. પછી મને તે સઘલાએ સીનાથી લગાવા, પ્યાર કીધો. અઝમત અને તરક્કીની ખુશખબરી સંભલાવી.

તે અરસામાં કબીલાના લોગો તે જગા પર આવી પહોંચા. મેં જોયું કે તમામ કરતા આગલ મારા ધવડાવનારા બીબી હલીમા સાઅદીયા છે. મારી ગુરબત, યતીમી અને બચપણા પર રોઈ રહ્યા છે. મારી હાલત પર મારા માઁ સાહેબા ગમીના આલમમાં પોતાના જાનને ખોઈ રહ્યા છે. આહ ના નાઅરા પુકારે છે કે, “અય મારા ઝઈફ, અય મારા યતીમ, અય મારા માઅસૂમ, અય મારા મઝલૂમ, અય દિકરા મોહંમદ ! અય મારા દિલની ખુશી, અય મારી આઁખના નૂર, અય મારી જાન તમેં કહાઁ છો ? સઘલા પોતાના ઘરમાં અને તમે

એકલા કહાઁ છો ? અય મારા કીમતી દુર, તમને લોગોએ ન પહેચાના; તમારી શાનની માઅરેફતની કમીના સબબ તમને કમઝોર માના.” આ તરહ મારા માઁ સાહેબાને ગમમાં જોઈને એ ત્રણે સાહેબો કહેવા લાગા કે, “આપના બલંદ ઈકબાલની મુબારકબાદી, અય બચ્ચા, અજબ આપ અલ્લાહતઆલાના મેહબૂબ છો ! અજબ ખુદા તઆલાના નઝદીક આપની કરામત છે ! આપના ધવડાવનારા દાઈને ખબર નથી કે અલ્લાહના નઝદીક તમામ ખલ્કના સિવાય આપની શું બુઝુર્ગી અને દાનાઈ છે.”

તે બાદ એ નૂરાની સાહેબો ગાઈબ થઈ ગયા અને મારા ધવડાવનારા અને એના કબીલાના લોગો ખરાબ નફસની હરકતના ખયાલથી મને નુજૂમી પાસે લઈ ગયા. નુજૂમીએ મારો કિસ્સો સાંભલીને મારા વાસ્તે કત્લનો ફત્વો દીધો. મગર હક્કતઆલાએ તે નુજૂમીના ફત્વાને મારા ધવડાવનારા માઁ હલીમાની સિફારિશથી રદ કીધો. તે બાદ તેઓએ મને મક્કાની તરફ મારા દાદા સાહેબ મૌલાના અબ્દુલ મુત્તલિબ (અ.સ.) ના ઘરે પહોંચાડો.

ગરઝ કે જે વક્ત આમિરીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ પોતાની ઝિંદગીના હાલાત સંભલાવા, તે જ વક્ત આમિરીએ હક્કનો એઅતેરાફ કીધો. સાફ દિલથી દીને ઈસ્લામની દૌલતે ઉઝમા લીધી અને અરઝ કીધી કે, “આપ કેટલીક ચીઝોથી આ ગુલામને આગાહ કરીએ કે યકીન થાય અને ગુલામ ખુદાના પરહેઝગાર બંદાઓમાંથી થાય.” આપ ફરમાવીએ કે, “ઈલ્મ કઈ ચીઝથી વધારે થાય છે અને ક્યા તરીકાથી હાસિલ થાય છે અને તેનો વધારો કઈ તરહ દેખાય છે ? કઈ ચીઝના સાથે નૈકી કરવું ફાયદામંદ થાય છે અને શું ચીઝથી બદીની કાલક જાય છે ?” આ સાંભલીને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, “અય આમિરી ! **ઇલ્મની ઝિયાદતી તેના શીખવાથી છે અને ઇલ્મને હાસિલ કરવું સવાલ કરવાથી છે. અને હર એક ચીઝનો વધારો તેની નિગરાનીથી થાય છે.** તૌબા બદીઓનો સાબુન છે. નૈકીના આગલ બદી તે મૌલાના મૂસા (અ.સ.) ના સામે કારૂન મુજબ છે. જે શખ્સ દુનિયામાં ખુદાતઆલાથી ડરીને રહેશે તેના વાસ્તે આખેરતમાં અમાન છે. દુનિયામાં જે ખુદાથી બેપરવાહ થાશે તેના વાસ્તે આખેરતમાં ખૌફનું મકાન અને અઝાબનું ઘર છે. રાહત વાસ્તે પહેલા મહેનત છે અને જે લોગો દુનિયામાં આરામને ચાહે છે, તેના વાસ્તે આખેરતમાં મેહનત છે અને જે શખ્સ યહાઁ રબ્બુલ ઈઝઝતથી ડરીને રહ્યો તેના હિસ્સામાં રહેમત છે. અય આમિરી ! યાદ રહે કે, તે ખુદાની શાન છે કે યહાઁનો આરામ વહાઁનો ખૌફ બને છે અને યહાઁનો ખૌફ તે વહાઁ અમાન બખ્શે છે. તૌબા કરનારના આંસૂના પાનીથી બદીના શોઅલાઓ ખામોશ થાય છે. તેના રોવા અને કાલાવાલાથી રેહમતના દરિયા જોશમાં આવે છે. તે જે વક્ત રોઈ છે, હક્કતઆલા તે જ વક્ત તેના ગુનાહની કાલકને ધોઈ છે. જન્નતના બાગની નહેરો તેના આંસુથી જારી છે. જે કોઈ ખુદાની રેહમતથી માયૂસ થાય, તૌબા ન કરે, તે અનાડી બેવકૂફ જહન્નમી છે. **ગરઝ તૌબાની આતિશ ગુનાહોને જલાવે છે. તૌબા તેના કરનાર (તાઇબ) ને ખુદાથી મીલાવે છે.”**

“અય આમિરી, જે કઈ પણ તું હમણા તક કરતો આવો છે તેનાથી દૂર થા, દૂર થા, જો કાફિર અને બુતપરસ્ત છે તો તેનાથી દૂર થા. હમારી દરગાહમાં, હમારા દરબારમાં નાઉમ્મીદીનો કોઈ જ સબબ નથી. તૌબા કરનારના આંસૂ મૌસમે બહારના વરસાદની મિસિલ છે. ગુનાહની અંધારી રાત તો તૌબાના નૂરથી દિવસ છે. જહાઁ તક તારી અશ્કભરી નઝર જાય વહાઁ તક અબ્રે રેહમતના હાથથી બાગ હસે છે, હર જગા વહેતાં પાનીથી તે સરસબ્ઝ અને શાદાબ છે, જહાઁ જહાઁ આંસૂ છે વહાઁ ખુદાની રહેમત છે. તું એવો થા કે તારી આંખો પાનીના બહાવની જેમ આંસૂ વહાવે, જેથી તારા આઅમાલનું દામન બગીચા જેમ હરું ભરું થઈ જાય !”

આમિરીએ અરઝ કીધી કે, “અય અબ્દુલ મુત્તલિબ (અ.સ.) ના ફરઝંદ ! હવે હુઝૂરનો શું ઈરશાદ છે ? શું આપની દાઅવતના ઉસૂલો અને અકીદાઓ છે ? કઈ ચીઝોની તરફ હુઝૂર હમને બુલાવે છે ? કઈ કૈફીયત પર સમંદરમાં પોતાની દાઅવતના જહાઝને ઝાતઝાતના મઝહબોના તૂફાનમાં ચલાવે છે ?

આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, “ખુદાતઆલાની તાઅત અને ઈબાદત કરો. તૌહીદની હકીકત પર તમારી ઝિંદગીને રૌશન કરો. ઈમાનની ખેતીથી ઘણી કામિયાબી પામો. લાત અને ઉઝઝાની તરહ દરેક બુતના મુન્કિર થાવ. જે કિતાબ નાઝિલ થઈ અને જે રસૂલે ખુદા (સ.અ.વ.વ.) તમને કહે, તેનો ઈકરાર કરો. હર વક્ત જલ્લાશાનોહુની મુખાલેફત અને દુશ્મનીથી ડરો. હર નમાઝને બરાબર પઢો. નમાઝની હકીકતોની માઅરેફતના સાથ નમાઝ વાસ્તે મસલ્લા પર ચઢો. શહરે રમઝાનમાં રોઝા કરવા વાજિબ છે. અમ્વાલમાંથી ઝકાત આપવી ફરઝ વાજિબ છે. બૈતુલ્લાહની હજ્જ તાકતવર જરૂર કરે, નહીં તો તે યહૂદી અને નસ્રાનીની મૌતથી મરો. જનાબતનો ગુસ્લ લાઝિમ છે. મૌત અને મૌતના બાદ કબરમાંથી ઉઠવું અને જહન્નમને હક્ક માનવાથી ઈમાનની સૂરત કાઈમ છે.”

આમિરીએ અરઝ કીધી કે, “મૌલાના, આ સઘલી ચીઝ પર અમલ કરનાર વાસ્તે શું ઈન્આમ છે ?” આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું, **“ જન્નત છે, નહેરો છે, તેમાં હમેશા રહેવું છે, રાહત છે અને ઇઝઝત છે. ”** આમિરીએ અરઝ કીધી કે, “અય અમીન, દુનિયામાં કોઈ ચીઝ આપના મુસ્તજીબ મોહિબ વાસ્તે છે ?” ઈરશાદ થયો કે, “હાઁ, હાઁ, અય આમિરી, હમારી તાઅત કરનાર વાસ્તે દુનિયામાં પણ ફતેહ અને કમાલ છે તેમજ આખેરતમાં પણ હમારી સોહબત અને બુશરા છે.”

પછી આમિરી મુસલમાન થયા. ઈમાનની દૌલતે લાઝવાલ લઈને ઘરે ગયા. ★